આંકઃ–૨૩.

सत्यमेव जयते

દાખલ તારીખઃ   ૦૯/૧૦/૨૦૧૭.
રજી. તારીખ :   ૦૯/૧૦/૨૦૧૭.
ફેસલ તારીખ :   ૦૬/૦૧/૨૦૧૮.
સમય અવધિઃ
વર્ષ – માસ – દિવસ.
      ૦૨ – ૦૩.

રાજકોટનાં મહે. ચોથા  એડી. ડિસ્ટ્રીકટ જજ તથા સ્પે. જજ (ઈલેકટ્રીસીટી એકટ) સાહેબની કોર્ટમાં, મુ. રાજકોટ.

**સ્પે. સીવીલ સ્યુટ(ઈલે.) નં. ૧૧૪૬/૨૦૧૭.**

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ
થ્રુ ઈટસ નાયબ ઈજનરેશ્રી,
**કાલાવાડ રોડ,** સબ ડીવીઝન,
રે. જી.રાજકોટ. **વાદી.**

**વિ રૂ ધ્ધ**

**હેતલબેન વિજયભાઈ પરમાર**
હિન્દુ, એડલ્ટ, ધંધો :–
ઠે. ગુરૂજીનગર આવાસ, કવૉટર નં. ૬૦૬ પાટીદાર ચોકથી આગળ,
સાધુવાસવાણી રોડ, રાજકોટ. **પ્રતિવાદી.**

**દાવોઃ–વીજ વપરાશ બીલની લેણી રકમ રૂા. ૪૮,૯૭૦–૫૩ પૈસા વસુલ મળવા અંગે.**

**એડવોકેટસ :–**
વાદી તરફે વિધ્વાન વકીલ શ્રી **જે. એમ. મગદાણી**
પ્રતિવાદી તરફે એક તરફી.

**–: ચુ કા દો :–**

(૧) વાદી દાવાની ટુંક હકીકત મુજબ વાદીની રજીસ્ટર્ડ ઓફીસના તાબામાં જુદા જુદા ડીવીઝન તથા સબ ડીવીઝનની ઓફીસો આવેલ છે અને આ રીતે વાદી કંપનીનું **કાલાવાડ રોડ,** સબ ડીવીઝન, રાજકોટ મુકામે આવેલ છે અને નીચે સહી કરનાર વાદી કંપનીના અધીકૃત માણસ છે અને દાવાની હકીકતથી માહિતગાર છે.

(૨) આ કામના પ્રતિવાદીની સ્થાનિક જગ્યાએ રાજકોટ જીલ્લાના **કાલાવાડ રોડ,** સબ–ડીવીઝનમાં તાબાના ગામમા **તા.૨૩/૦૮/૧૬ ના રોજ વાદી કંપનીના અધિકારીઓ દ્રારા વીજસ્થાપન ચેક કરતા સદરહું સ્થળ ઉપર વીજજોડાણ ચેક કરતા પ.વાદીએ વાદીની પસાર થતી હળવા દબાણની એલ.ટી. લાઈનના પોલ પરથી પીળા કલરના વાયરના મદદથી બિનઅધિકૃત રીતે વીજવપરાશ કરતા હતા. પ્ર.વાદીએ ઉપરોકત વિગતે વિજચોરી કરેલી જે ચેકીંગ સીટમાં દર્શાવેલ છે.** તેમજ ગેરકાયદેસર વીજ જોડાણ કાપી નાખેલ. આ રીતે વીજ જોડાણ ચેક કરતા પ્ર.વાદી પાસે વાદી કંપનીનું કોઈ કનેકશન હૈયાત ન હતુ.ઉપરોકત વિગતે ચોરી

કરતા માલુમ પડેલ, ચેકીગ રીપોર્ટ ભરેલો તે તમામ પ્રક્રીયા કરેલી. વાદી કંપનીના અધિકારીઓએ સહી કરેલ. આમ, પ્ર.વાદી સ્થળ ઉપર ડાયરેકટ વીજ ચોરી કરતા હોય વાદી કંપનીએ નિયમાનુસાર વિજ ચોરીનું બીલ આપેલ હોવા છતા સદરહુ રકમ આ કામના પ્ર.વાદીએ ભરપાઈ કરેલ ન હોય હાલનો આ દાવો લાવવાની ફરજ પડેલ છે. વાદીની કચેરી દવારા ઉપરોકત પ્ર.વાદીને બીલ આપેલુ જે પ્ર.વાદીએ ભરેલ નથી. ત્યારબાદ પ્ર.વાદીને **તા.૨૯/૧૨/૧૬** ના રોજ **રૂા. ૪૪,૭૨૩—૬૯** પૈસાની ચોરીના બીલની નોટીસ આપેલી પરંતુ સદરહુ નોટીસ મુજબ પ્ર.વાદીએ કોઈ રકમ જમા કરાવેલ નથી. પ્ર.વાદીએ કરેલ વીજચોરી સંબંધે જે કાંઈ કાર્યવાહી કરેલ છે. તે પેપર્સ આ કામમાં રજુ રાખેલ છે. આ કામના પ્ર.વાદી પાસે વાદી કંપનીના વિજ વપરાશની પુરવણી બીલની રકમ અને વિલંબીત ચુકવણી ચાર્જ મળી કુલ રકમ **રૂા. ૪૮,૯૭૦—૫૩ પૈસા** બાકી લેણા રહે છે.વિજ વપરાશનું પુરવણી બીલ મોકલીને લેણી રકમની ઉઘરાણી કરેલ છે. તેમ છતાં પ્ર.વાદી તરફથી રકમ વસુલ નહિં આવતા, છેલ્લે **તા. ૨૯/૧૨/૧૬** ની નોટીસનો પ્ર.વાદી કોઈ અમલ નહિં કરતાં,આ દાવો લાવવાની ફરજ પડેલ છે.

(૩) દાવો દાખલ થતાં પ્રતિવાદીને સમન્સ/નોટીસ કરતાં તેઓને યોગ્ય રીતે સમન્સ/નોટીસ બજી ગયેલ છે તેમ છતાં તેઓ હાજર થયેલ નથી તેથી આંક—૧ તળે કરેલ હુકમ મુજબ પ્રતિવાદી સામે કામ એકતરફી ચલાવવાનો હુકમ થયેલ છે. આમ, પ્રતિવાદીએ કોઈ જવાબ રજુ કર્યો નથી કે વાદીના દાવાને પડકારેલ નથી.

(૪) વાદીએ પોતાના દાવાના સમર્થનમાં આંક ૭ થી નાયબ ઈજનેર **એસ.ડી.ઝાલા** ને તપાસેલ છે અને નીચે મુજબના દસ્તાવેજી—પુરાવા આંક ૪ થી રજુ કરેલા છે. :—

**<u>દસ્તાવેજી—પુરાવા :—</u>**

| | |
|---|---|
| — આંક—૯ | પરફોર્મો નં.૧૨ |
| — આંક—૧૦ | ઓફીસ નોટ |
| — આંક—૧૧ | લેઝર કોપી |
| — આંક—૧૨ | નોટીસ |
| — આંક—૧૩ | એડી.ની પહોંચ |
| — આંક—૧૪ | એફ.આઈ.આર. |
| — આંક—૧૫ | વીજચોરીની ફરીયાદ નોંધાવવા બાબત |
| — આંક—૧૬ | ચોરીનું બીલ |
| — આંક—૧૭ | ગણતરી |
| — આંક—૧૮ | ચેકીગ રીપોંટ |
| — આંક—૧૯ | રોજકામ |
| — આંક—૨૦ | એને.— ૪ |
| — આંક—૨૧ | એ.ડી.ની પહોંચ |

(૫) પ્રતિવાદી દવારા કોઈપણ પ્રકારનો મૌખિક કે દસ્તાવેજી—પુરાવો રજુ થયેલ નથી.

(૬) સદરહુ દાવાના નિર્ણય અર્થે, નીચે મુજબના મુદ્દા આંક—૬ થી ફ્રેમ કરેલ છે. :—

૧. શું વાદી પુરવાર કરે છે કે,—પ્રતિવાદીએ ગેરકાયદેસર રીતે વીજચોરી કરી વીજ વપરાશ કરેલ છે ?
૨. શું વાદી પુરવાર કરે છે કે, તેઓ પ્રતિવાદી પાસે વીજચોરીના બીલની રકમ લેવા હકકદાર થાય છે ?
૩. શું વાદી પુરવાર કરે છે કે, તેઓ બીલની રકમ ઉપર વ્યાજ મેળવવા હકકદાર છે ?
૪. શું વાદીનો દાવો સમય—મર્યાદામાં છે ?
૫. શું હુકમ અને હુકમનામુ ?

(૭) ઉપરોકત મુદાઓના મારા નિર્ણય નીચે કરેલ ચર્ચા મુજબ આ પ્રમાણે છે. :—

૧. હકારમાં
૨. હકારમાં,
૩. હકારમાં,
૪. હકારમાં,
૫. આખરી હુકમ મુજબ.

–:: **કા ર ણો** ::–

**મુદ્દા નં.–૧ થી ૪ :–**

(૮) મુદા નં.૧ થી ૪ ના પુરાવા માહેની હકીકતો એકબીજા સાથે સાંકળાયેલી હોય પુનરોકિત દોષ નિવારવા તેની ચર્ચા એક સાથે કરવામાં આવેલી છે.

(૯) વાદી એવી હકીકત સાથે આવ્યા છે કે, પ્રતિવાદીએ વાદીની વીજ લાઈનમાંથી ગેરકાયદેસર રીતે વીજ કનેકશન મેળવી લઈ વીજ ચોરી કરેલ છે તે હકીકત પ્રસ્થાપીત કરવા માટે વાદીએ આંક–૭ થી નાયબ ઈજનેર શ્રી **એસ.ડી.ઝાલા ને** તપાસ્યા છે તેઓએ દાવા મુજબની હકીકતો પોતાના સોગંદનામાં દોહરાવી છે. વાદી સાહેદે જણાવેલ હકીકતોને પ્રતિવાદી દવારા પડકારવામાં આવેલ નથી ત્યારે કાયદાના પ્રસ્થાપીત સિધ્ધાંત મુજબ જો વાદીની સોગંદપૂર્વકની હકીકતોને જો પડકારવામાં ન આવે તો તે હકીકતો તે સ્વીકારે છે તેમ માનવુ રહે, તે ઉપરાંત વાદીએ પોતાનો કેસ પ્રસ્થાપિત કરવા માટે રજુ કરેલા દસ્તાવેજી–પુરાવાઓ વંચાણે લેતા ચેકીગ સીટ, એનેક્ષર–૪, બીલ, નોટીસ વિગેરે આધારો પરથી એ હકીકત સ્પષ્ટ છે કે, પ્રતિવાદી કોઈ કાયદેસરનું વીજ કનેકશન ધરાવતા અને તેમણે વાદી કંપનીના થાંભલા ઉપરથી પ્રતિવાદીએ ગેરકાયદેસર રીતે વીજ કનેકશન મેળવી લઈ વીજ ચોરી કરેલ છે તેઓને રકમ ભરવા માટે નોટીસ અને પુરવણી બીલ આપવામાં આવ્યુ છે જે નોટીસ તેઓને બજી ગયેલ છે તેમ છતાં તેઓએ તે રકમ ભરવાની કાળજી લીધેલ નથી. આ કામના સાહેદ એ રાજય સેવક છે, તેઓએ જે કોઈ કાર્યવાહી કરી છે, તે પોતાના ફરજના ભાગરૂપે કરી છે, રજુ થયેલા તમામ આધારો અસલ છે, પ્રોપર કસ્ટડીમાંથી રજુ થયા છે તેને સામાવાળાએ પડકારેલ નથી ત્યારે તેવા આધારોને ન માનવાનુ કોઈ જ કારણ રહેતુ નથી.

(૧૦) વાદીએ પ્રતિવાદી પાસેથી ૧૨ ટકા વ્યાજની માંગણી કરી છે પરંતુ પક્ષકારો વચ્ચે વ્યાજ સંબંધે કોઈ કરાર નથી ત્યારે નામ.હાઈકોર્ટ અને નામ.સુપ્રિમ કોર્ટેની વ્યાજ અંગેની ગાઈડ લાઈન અને પ્રસથાપિત કાયદાકીય પરિસ્થિતિને ઘ્યાને લેતાં, વાદી પોતાની લેણી રકમ ઉપર વાર્ષીક૧.૫ ટકાના ડી.પી. ચાર્જ સહીત લેણી રકમ મેળવવા હકકદાર છે.

(૧૧) વાદીએ હાલનો દાવો ત્રણ વર્ષની સમય–મર્યાદામાં દાખલ કરેલ છે. વાદી કંપનીના અધીકારીઓ દવારા પ્રતિવાદીની જગ્યાનુ ચેકીગ કરવામાં આવેલ છે અને જરૂરી અને જરૂરી રીપોર્ટ તૈયાર કરવામાં આવેલ છે અને **તા. ૨૯/૧૨/૧૬** ના રોજ તે અંગે નોટીસ આપવા છતાં, હાલનો દાવો **તા. ૦૯/૧૦/૨૦૧૭** ના રોજ દાખલ થયેલ છે. આમ, રેકર્ડ પરથી સ્પષ્ટ છે કે, વાદી એ નિયત સમય–મર્યાદામાં એટલે કે, ત્રણ વર્ષમાં દાવો દાખલ કરેલ છે.

(૧૨) ઉપરોકત ચર્ચા મુજબ વાદી પોતાનો દાવો સાબીત કરવામાં સફળ રહયા છે તેથી મુદ્દા નં.૧ થી ૪ નો નિર્ણય હકારમાં ઠરાવી, મુદ્દા નં.–૫ સંબંધે નીચે મુજબનો આખરી હુકમ કરુ છું. :–

–: હુ ક મ :–

વાદીનો દાવો મંજુર કરવામા આવે છે અને પ્રતિવાદીને એવો હુકમ કરવામાં આવે છે કે,– પ્રતિવાદીએ વાદીને **રૂા.૪૮,૯૭૦–૫૩ પૈસા** દાવો દાખલ થયાથી રકમ વસુલ થાય ત્યાં સુધી **વાર્ષીક આઠ ટકાના** સાદા વ્યાજ સહીત ચુકવી આપવા અને વાદી તે રકમ પ્રતિવાદીની જાત તથા હરેક પ્રકારની મિલ્કતમાંથી વસુલ મેળવવા હકકદાર રહેશે.

વાદીને થયેલ ખર્ચ પ્રતિવાદીએ ચુકવી આપવો.

હુકમ મુજબ હુકમનામું દોરવું.

આ હુકમ આજ **તારીખઃ– ઠી, માહેઃ–જાન્યુઆરી, સને ૨૦૧૮** ના રોજ ખુલ્લી કોર્ટમાં જાહેર કર્યો.

સહી/–અવાચ્ય,

**રાજકોટ.** **(ભરતકુમાર પુરૂષોતમભાઈ પુજારા )**

**UNIQ I.D .NO. GJ 00415**

**તા.૦૬–૦૧–૨૦૧૮.** **સ્પેશ્યલ જજ (ઈલે.એકટ.)**

**અને ચોથા એડીશનલ સેશન્સ જજ**

**રા જ કો ટ**